RNI No. GUJGUJ/1999/4409. Permitted to post at Ahd PSO
On 5th every month under postal Regd. No. GAMC 1375
2012-14 issued by SSP Ahmedabad-9 Valid upto 31-12-2014


# વિશ્વવિહાર



**ગુજરાતી વિશ્વકોશ ગ્રંથશ્રેણી**




ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ







# સારસ્વતસાધનાનો પ્રકાશ


ડૉ. ધીરુભાઈ ઠાકર

આગામી ૨૭મી જૂને ગુજરાતી વિશ્વકોશના દ્રષ્ટા અને સ્રષ્ટા ડૉ. ધીરુભાઈ ઠાકર ૯૫મા વર્ષમાં પ્રવેશશે.

શિક્ષણનિષ્ઠા, સાહિત્યનિષ્ઠા અને નાટ્યનિષ્ઠાને કારણે જાણીતા ડૉ. ધીરુભાઈ ઠાકરે આચાર્યપદેથી સાઠમા વર્ષે નિવૃત્તિ લીધી. એ પછી એમની નિષ્ઠા-ત્રિવેણીમાં વિશેષભાવે એમની એક ચોથી નિષ્ઠાનો ઉમેરો થયો તે વિશ્વકોશ–નિષ્ઠાનો ! આયુષ્યના ૬૭મા વર્ષે એમણે વિશ્વકોશનું ભગીરથ કાર્ય શરૂ કર્યું. શ્રી સાંકળચંદભાઈ પટેલના હૂંફાળા સાથ-સહકારથી એમના આ વિશ્વકોશના યજ્ઞનો પ્રારંભ થયો. એકાદ વર્ષમાં તો સાંકળચંદભાઈએ વિદાય લીધી, પરંતુ એમની ભાવના ધીરુભાઈ માટે મજબૂત પીઠબળની બની રહી. ધીરુભાઈ હંમેશાં વિશ્વકોશની પ્રવૃત્તિને જગન્નાથના રથ સાથે સરખાવે છે. એના આરંભથી જ એમને અનેક તેજસ્વી વિદ્વાન લેખકોનો આ કાર્યમાં સાથ મળતો રહ્યો – પછી એ વિદ્વાનોમાંથી કોઈ યુનિવર્સિટીના કુલપતિ હોય, કોઈ પોતાના ક્ષેત્રના નિષ્ણાત હોય, કોઈ કવિ કે મૅનેજમેન્ટ-નિષ્ણાત હોય, આચાર્ય કે અધ્યાપક હોય કે પછી કોઈ ડૉક્ટર હોય – પણ એ સહુ કોઈ વિશ્વકોશના આ યજ્ઞમાં પોતપોતાની રીતે સમિધ અર્પવા લાગ્યા.

જુદા જુદા વિષયના તજ્જ્ઞો અને અધ્યાપકોની ધીરુભાઈ ખોજ કરતા જ રહે અને કોઈ વિદ્વાન મળે એટલે એમને પ્રેમપૂર્વક બોલાવે અને સ્નેહથી આ કામમાં જોડી દે. વિશ્વકોશને સમાજના કોઈ એક જ વર્ગનો નહીં, પણ તમામ વર્ગનો સહયોગ મળ્યો – સંતો, શ્રેષ્ઠીઓ, વિજ્ઞાનીઓ, ઉદ્યોગપતિઓ વગેરેનો અને ધીરે ધીરે એનો વ્યાપ વધતાં સમાજસેવકો તથા ગ્રંથાલયનિષ્ણાતોએ પણ વિશ્વકોશમાં પોતાનું યોગદાન આપ્યું.

એના ૨૫મા ગ્રંથ માટે જૂનાગઢની કૃષિ યુનિવર્સિટીના મદદનીશ ગ્રંથપાલશ્રી કાંતિલાલ ઠાકરે પાંચ લાખ રૂપિયાની રકમ આપી; એટલું જ નહીં, પણ આયુષ્યના અંતિમ વર્ષમાં જ્ઞાનવર્ધક ગ્રંથશ્રેણી માટે બીજા પાંચ લાખ રૂપિયા આપ્યા. આમ, વિશ્વકોશની પ્રવૃત્તિની સુવાસ એવી ફેલાતી રહી કે ચોમેરથી ઉમળકાભર્યો સહયોગ મળવા લાગ્યો.



ધીરુભાઈ પાસે કામ કરવું એટલે સતત ખડે પગે રહેવું પડે. એ એકેય કામ ભૂલે નહીં અને જે કામ ગઈકાલે સોંપેલું હોય તે આજે થયું કે નહીં, એ પૂછવાનું – તેનો હિસાબ લેવાનું કદી ચૂકે નહીં ! એમની આવી ચીવટને પરિણામે જ ટૂંકા ગાળામાં 'ગુજરાતી વિશ્વકોશ'નો પ્રકલ્પ પૂરો થઈ શક્યો. હૃદયરોગના હુમલાને કારણે હૉસ્પિટલના ICCU યુનિટમાં સૂતાં સૂતાંયે તેઓ સંસ્થાનાં બાકીનાં કામોની સૂચના આપતા રહ્યા હોય એવું બન્યું છે. ક્યારેક વિદેશ જવું પડ્યું હોય તો ત્યાંથી પણ વખતોવખત ફોન કરીને વિશ્વકોશ અંગેની કામગીરી યોજનાબદ્ધ રીતે બરાબર ચાલતી રહે તે જોવાનું તેઓ ચૂકતા નહીં. કોઈ અધ્યાપક કે કર્મચારીથી કામમાં વિલંબ થાય તો એને ઠપકો આપવાની એમની રીત પણ અનોખી. એની સાથે હસતાં હસતાં એવી રીતે વાત કરે કે પેલી વ્યક્તિને પોતાને કામમાં વિલંબ થયા બદલ ક્ષોભ થાય અને તે પોતે જ પછી પોતાનું કાર્ય ઝડપથી પૂર્ણ કરીને ફરીથી એમની આગળ હાજર થઈ જાય.

એમના વિદ્યાર્થીઓ તરફ તો એવો પ્રેમ કે ચંદ્રકાન્ત શેઠ એમ કહે કે 'આવતીકાલે હું નથી આવવાનો' તો એમને ન ગમે. અમેરિકાથી આવતા મહેન્દ્રભાઈ અમીન કે પ્રાગજીભાઈ ભાંભી પાસે એ કલાકોના કલાકો બેસે, એમને માર્ગદર્શન આપે અને એ રીતે પ્રવીણ દરજી, મણિલાલ પટેલ જેવા વિદ્યાર્થીઓ આવે ત્યારે બધું કામ બાજુએ મૂકીને એની સાથે લાંબા સમય સુધી વાત કરે.

એમની નિઃસ્પૃહી વૃત્તિનો વારંવાર અનુભવ થતો રહ્યો છે. કોઈ એમની બહુ પ્રશંસા કરે, તો હસતાં હસતાં કહે કે "હું મૃત્યુ પામ્યો હોઉં તેવું મને લાગે છે!' વળી તેઓ એક મૂર્તિકારની વાર્તા પણ ત્યારે યાદ કરે. એ મૂર્તિકાર સુંદર મૂર્તિઓ સર્જતો હતો. એણે પોતાના જેવી જ અનેક મૂર્તિઓ સર્જી હતી. યમરાજ જ્યારે એને લેવા આવ્યા ત્યારે એમને પણ ખ્યાલ ન આવ્યો કે આ બધી મૂર્તિકારની મૂર્તિઓ વચ્ચે એનો ઘડનાર મૂર્તિકાર કયો ! યમરાજે સહેતુક મૂર્તિકલાની પ્રશંસા કરવા માંડી એટલે તુરત જ પેલો મૂર્તિકાર બોલી ઊઠ્યો કે 'આ મૂર્તિઓ તો મેં બનાવી છે' અને યમરાજે તુરત જ અસલી મૂર્તિકારને ઉપાડી લીધો. આવી આવી વાતો કરી કરી તેઓ પોતે પ્રશસ્તિથી પોતાને બચાવતા રહે છે.

વિશ્વકોશનાં વિવિધ સંકુલો સાથે દાતાનું નામ જોડવામાં આવે છે. ધીરુભાઈએ વિશ્વકોશના લલિતકલા કેન્દ્ર માટે દસ લાખ રૂપિયાનું દાન આપ્યું. મેં પૂછ્યું, ''આનું નામ 'ડૉ. ધીરુભાઈ ઠાકર લલિતકલા કેન્દ્ર' રાખીશું ?'' ત્યારે એમણે કહ્યું, ''ના, આનું નામ તો 'વિશ્વકોશ લલિતકલા કેન્દ્ર' જ રાખવું.''

એક એક ગ્રંથનો વિમોચન સમારંભ થતો જાય અને એમનામાં નવા ઉત્સાહનો સંચાર થતો જોવા મળે. ક્યારેક એમ કહેતા કે 'વૃદ્ધ દેહમાં આ ગ્રંથવિમોચનના અવસરથી નવી ચેતનાનો સંચાર થાય છે અને આગળ વધવાનો નવો ઉત્સાહ જાગે છે.' ક્યારેક

હસતાં હસતાં કહે પણ ખરા કે 'કામનું આયોજન હજી ઘણાં વર્ષો જીવવાનું છે એ રીતે કરવું અને કામનો અમલ આવતીકાલે જીવતા નયે રહીએ તે રીતે કરવું.'

ધીરુભાઈનાં કેટલાંક કાર્યો સદાય યાદ કરાશે. ગુજરાતના સાવ છેવાડે આવેલી, રેલવેસ્ટેશનની પણ સુવિધા ન ધરાવતી મોડાસા જેવી અણદીઠી ભોમ પર ગ્રામીણ વિસ્તારની કૉલેજોને માટે આદર્શરૂપ શિક્ષણ-સંકુલનું સર્જન કર્યું. સર્જક અને ચિંતક શ્રી મણિલાલ નભુભાઈ વિશેનું એમનું સાહિત્યિક કાર્ય પંડિતયુગીન એક પ્રખર પ્રતિભાનું સર્વગ્રાહી અને સમતોલ દર્શન કરાવી રહે છે.

૧૯૪૨ના આઝાદીના આંદોલન સમયે વિદ્યાર્થીઓ પર ગોળીબાર કરવા ધસી જતા પોલીસ-અધિકારીને અટકાવવા જતાં એમણે ખાસ્સી ઈજા હિંમતપૂર્વક વહોરી લધેલી.

વળી વિશ્વકોશની પ્રવૃત્તિની સાથોસાથ એમની સાહિત્યસર્જનની પ્રવૃત્તિ પણ અનવરત ચાલતી રહી છે. ગુજરાતી સાહિત્યમાં વ્યક્તિગત રીતે ઇતિહાસ-લેખનના જે પ્રયત્નો થયા તેમાં કૃષ્ણલાલ ઝવેરી, કનૈયાલાલ મુનશી, વિજયરાય વૈદ્ય અને અનંતરાય રાવળ પછીનો એક મહત્ત્વનો પ્રયોગ તે ધીરુભાઈ ઠાકરના ગુજરાતી સાહિત્યની વિકાસરેખાના પાંચ ખંડો છે. તે ખંડોનું નવસંસ્કરણ પણ એમનું ચાલતું રહેલું હોય છે. તેમણે ૨૦૦૯માં પાબ્લો નેરુદાના "Memoirs'નો અનુવાદ શરૂ કર્યો, જે "સત્યની મુખોમુખ' નામે તૈયાર થયો. એ અનુવાદ કરતી વેળા તેઓ કહેતા કે 'આ અનુવાદ પૂરો થશે ત્યાં સુધી તો હું જીવવાનો.' હજી પાબ્લો નેરુદાનો અનુવાદ પૂરો થવામાં હતો ત્યાં તો ઘણાં વર્ષોથી એમના મનમાં સાહિત્યના કેટલાક વાદ-વિવાદોની ચર્ચા કરતું પુસ્તક આપવાની જે ભાવના ઘોળાતી હતી તે પુસ્તક તૈયાર કરવાનું શરૂ કરી દીધું અને હજી ૨૦૧૧માં એ પ્રગટ થાય ત્યાં તો 'ગાંધીજી અને પાંચ સાક્ષરો'નું પુસ્તક પણ આ વર્ષે આપણને આપ્યું. આવાં પુસ્તકો તૈયાર કરતી વેળાએ મહત્ત્વના એકેય સંદર્ભગ્રંથ જોવાનું તેઓ ચૂકે નહીં. કનૈયાલાલ મુનશીનું અંગ્રેજી પુસ્તક 'ગુજરાત ઍન્ડ ઇટ્સ લિટરેચર' મળતું નહોતું તો શ્રી દીપક મહેતા દ્વારા ફાર્બસ સભામાંથી તે મગાવીને જ રહ્યા.

૯૫મા વરસેય એમની સારસ્વતસાધનાનો દીપક જરાયે ઝાંખો થયો નથી, બલકે એ વધુ ને વધુ પ્રકાશ આપી આસપાસનાં સૌને પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન આપતો રહે છે. જેમ કાવ્યપુરુષની આપણે ત્યાં કલ્પના થઈ છે, તેમ વિશ્વકોશપુરુષનીયે આપણે કલ્પના કરી શકીએ. એ પુરુષને ચરણે પોતાનું સર્વસમર્પણ કરીને ધન્ય થનાર ધીરુભાઈને આપણે વંદન કરીએ. પરમાત્મા એમને સર્વથા ને સર્વદા વધુ ને વધુ પ્રસન્નતા અર્પતા રહે એ જ સદ્ભાવના.

– કુમારપાળ દેસાઈ





## મનુ પારેખની ચિત્રયાત્રા

અમદાવાદના રાયપુર ચકલાનો એક છોકરો સંઘર્ષો વેઠીને કલાકાર મનુ પારેખ બને છે. એટલું જ નહીં, સમકાલીન ભારતીય ચિત્રકળાક્ષેત્રે તેમની સર્જકતાના સ્વીકાર રૂપે ઓગણીસસોબાણુંમાં પદ્મશ્રીથી સન્માનિત પણ થાય છે.

મનુ પારેખ ચોથા ધોરણમાં સ્લેટ/નોટમાં ચીતરામણ કરતા એ જોઈ વર્ગશિક્ષકે તેમને બ્લેક બોર્ડ પર કશુંક કરવાનું કહ્યું. 'પાટિયા પર મેં શું કર્યું એ તો યાદ નથી, પણ બીજા મિત્રો વચ્ચે જાહેરમાં શિક્ષકે મને રજૂ કર્યો એ યાદ રહી ગયું છે.'

એ પછી તેઓ દસમા ધોરણમાં હતા ત્યારે મુકુન્દ શ્રોફ જેવા ચિત્રશિક્ષક મળે છે. એમની કારકિર્દીમાં આ શિક્ષકના પ્રભાવનો આદરપૂર્વક સ્વીકાર કરતાં તેમણે જણાવ્યું : 'મુકુન્દભાઈથી પ્રેરાઈને મેં ચિત્રશિક્ષક બનવાનું નક્કી કર્યું હતું. હું ચિત્રશિક્ષકનો કોર્સ કરવા જોડાયો પણ ખરો. ત્યાં અચાનક દશરથ પટેલ (નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ ડિઝાઇન – એનઆઇડી, અમદાવાદના સ્થાપક, ઉત્તમ ડિઝાઇનર, કલાકાર) મળ્યા. તેમણે મારું કામ જોઈને કહ્યું કે 'તારામાં શિક્ષક કરતાં કલાકારની પ્રતિભા છે. તું, મુંબઈ જે. જે.માં જા.'

મનુ પારેખે તેમના વિકાસમાં પિત્તળિયા પોળના રાજેન્દ્ર ત્રિવેદી, પરેશ શાહ, ગુણવંત કાયસ્થ વગેરેના મિત્રોના સહયોગનો ભાવપૂર્ણ સ્વીકાર કર્યો અને એક મિત્રના આર્થિક સહયોગથી મુંબઈની જે. જે. સ્કૂલ ઑવ્ આર્ટમાં તેઓ જઈ શક્યા. જે. જે. સ્કૂલમાં તેમને કલાકાર પળશીકર અધ્યાપક તરીકે મળે છે. પળશીકરનો ઋણસ્વીકાર મનુ પારેખે આ શબ્દોમાં કર્યો : 'વ્યક્તિગત (પોર્ટ્રેટ) હોય કે ચારકોલમાં કામ કરવાનું હોય, તેઓ જાતે નિદર્શન કરતા જેથી કામ કઈ રીતે કરવું તે સમજાઈ જતું. એમના શિક્ષણનો મને વિશેષ લાભ મળ્યો છે.'

એ સમયે મુંબઈમાં આન્તર-કૉલેજ નાટ્યસ્પર્ધા ખૂબ મહત્ત્વની હતી. આપણા અનેક નામી અભિનેતાઓ, દિગ્દર્શકો, નાટ્યલેખકો એ સ્પર્ધામાંથી બહાર આવ્યા છે એ વાત ખૂબ જાણીતી છે. મનુ પારેખ ચિત્રકલાની સાથે સાથે અભિનયમાં ને સેટ-ડિઝાઇનમાં કઈ રીતે જોડાયા તે અંગે તેમના શબ્દો જ માણીએ : 'શરૂઆતમાં ભરત દવે અને શૈલેષ દવેએ એમનાં નાટકોમાં મને નાનકડી ભૂમિકાઓ આપી. પછીના વર્ષે તારક મહેતાએ પ્રમાણમાં મોટો રોલ આપ્યો. એ દરમિયાન ને તે પછી નટ-નિર્દેશક જશવન્તભાઈ ઠાકર અને જયશંકર 'સુંદરી' સાથે પણ થોડું કામ કર્યું. પછી તો બધું છોડી પેઇન્ટિંગને જ કેન્દ્રમાં રાખ્યું.'

મનુ પારેખે અભ્યાસને અંતે વિવર્સ સર્વિસ સેન્ટરમાં ડિઝાઇનર તરીકે કામ કર્યું. ત્યારબાદ હૅન્ડીક્રાફ્ટ ઍન્ડ હૅન્ડલૂમ એક્સપોર્ટ કૉર્પોરેશનમાં ડિઝાઇન કન્સલટન્ટ તરીકે

કોલકાતા તથા દિલ્હીમાં લગભગ પચ્ચીસ વર્ષ કાર્ય કર્યું. એ દરમિયાન ઇન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીના કલા-સલાહકાર, કલામર્મજ્ઞ પુપુલ જયકર (ગુજરાતીના પ્રથમ નવલકથાકાર નન્દશંકર મહેતાનાં તેઓ પૌત્રી થાય એની જાણ કદાચ બહુ ઓછા લોકોને હશે) સાથે પરિચયમાં આવવાનું બન્યું. પુપુલ જયકર સાથે ભારતના અનેકવિધ પ્રદેશોનાં ગામડાંઓમાં ફરવાનું થતાં ત્યાંની લોકકલા, લોકવણાટ ને હસ્તોયોગની સમૃદ્ધ પરંપરાનો તેમને ઊંડો પરિચય થયો. મનુ પારેખે એ સમયને પોતાના ઘડતર માટે મહત્ત્વનો ગણાવ્યો. કોલકાતાના નિવાસ દરમિયાન બંગાળી ચિત્રકારો, સંગીતકારો, ફિલ્મમેકરો, સિનેમેટોગ્રાફરો સાથેના તેમના પરિચયની તથા ત્યાંના ઉત્સવોની વાત પણ મનુ પારેખે ઉમળકાભેર કરી. દિલ્હી ગયા પછી કોલકાતાના સાંસ્કૃતિક વાતાવરણનો ખાલીપો તેમને પીડતો હતો. એ સમયગાળામાં તેઓ પહેલી વાર બનારસ જાય છે. આ વર્ષોમાં મનુ પારેખ ચિત્રો તો કરતા જ હતા પણ આ બનારસ-દર્શન પછી એમની ચિત્ર-યાત્રાનો એક મહત્ત્વનો અધ્યાય આરંભાય છે.

•

કાશી કહીએ કે વારાણસી કે બનારસ – આ નગર સદીઓથી ભારતીય પ્રજાની આસ્થાનું, શ્રદ્ધાનું કેન્દ્ર રહ્યું છે.

આપણે જાણીએ છીએ કે એક બનારસ બિસ્મીલ્લાખાંની શરણાઈમાં ગુંજે છે, તો એક બનારસ રાયકૃષ્ણદાસજી જેવા કલામર્મજ્ઞની રઈસીમાં રહ્યું છે, એક બનારસ પં. કિશન મહારાજના બનારસ-બાજનાં તબલાંમાંથી રેલાય છે, એક બનારસ ગિરિજાદેવીની ઠૂમરીઓમાં મઘમઘે છે. હુસેનનાં રેખાંકનો(સિલ્ક સ્ક્રીન)માં, રામકુમારના વિશિષ્ટ લસરકાઓમાં, મધુ રાયની વિલક્ષણ છબિઓમાં, વાસુદેવ સ્માર્ત ને જગદીપ સ્માર્તનાં ચિત્રો તથા શબ્દોમાં, હરીશ મીનાશ્રુનાં કાવ્યોમાં ને મનુ પારેખનાં ચિત્રોમાં આપણે બનારસને પામી શકીએ છીએ. તેઓએ અનુભવેલા બનારસનો સર્જનાત્મક ઉન્મેષ પામી શકાય છે.

મનુ પારેખ પાસેથી સમય-સમયનો, બદલાતા દિવસોના, વિવિધ ઋતુઓના ને તેમની અંદરના બનારસનાં અનેક ચિત્રો આપણને મળ્યાં છે. હિન્દીના કવિ અને કલાસમીક્ષક અશોક બાજપેયીએ મનુ પારેખનાં આ શ્રેણીનાં ચિત્રો વિશે નોંધ્યું છે કે : 'આપણને સમજાય છે કે આ ચિત્રો જે છે તેને યથાતથ રજૂ કરતાં, તેમ તેનું પ્રતિનિધાન પણ નથી કરતાં, આ ચિત્રો બનારસને નિજી રીતે ભજવે છે.'

મનુ પારેખે કહ્યું : 'હું બનારસને કેન્દ્રમાં રાખી ચિત્રો કરતો રહ્યો છું. બનારસના ઘાટ પર, નાનાં-નાનાં મંદિરોમાંથી પ્રગટતો, ગંગાના પ્રવાહ પર પથરાતો, ગલીકૂંચીઓમાં પડતો પ્રકાશ મને નાટ્યાત્મક લાગ્યો છે. 'કાશીનું મરણ' પામવાની એક માત્ર ઇચ્છાથી અનેક સ્ત્રી-પુરુષો બનારસમાં જીવન વિતાવે છે. એમાંનાં કેટલાંક મારાં ચિત્રોમાં આવ્યાં



છે. સામાન્ય માણસને કદાચ આ અંગત શ્રદ્ધા જ બળ આપે છે. મને અજમેર, જેરૂસલેમ, વેટીકન સિટી ને બનારસમાં – બધે જ માણસની શ્રદ્ધાનો લગભગ એકસરખો જ પરિચય થયો છે.'

મનુ પારેખે 'ભાગલપુર બ્લાઇન્ડીંગ', 'હેટ' શ્રેણીનાં વિવિધ ચિત્રો પણ કર્યાં છે, આ દિવસોમાં એમનું 'ફેઇથ' શ્રેણીનાં ચિત્રોનું પ્રદર્શન દિલ્હીમાં ચાલી રહ્યું છે. એમનાં ચિત્રો નૅશનલ આર્ટ ગૅલરી દિલ્હી, લલિતકલા અકાદમી દિલ્હી, તાતા ફાઉન્ડેશન ફન્ડામેન્ટલ રિસર્ચ, મુંબઈ, બિરલા અકાદમી તેમજ અનિલ રેલિયાના સંગ્રહમાં સ્થાન પામ્યાં છે.

આ કલાકારની કલાને કેન્દ્રમાં રાખતાં બે અભ્યાસપૂર્ણ પુસ્તકો – 'બનારસ : પેઇન્ટિંગ ધ સેક્રેડ સિટી' (પ્રકાશક : પેંગ્વિન ૨૦૦૫) અને 'બનારસ : ઈટરનીટી વોચીઝ ટાઇમ' (પ્રકાશક : માપીન અને લુન્ડ હમ્ફ્રીઝ, ૨૦૦૭) પ્રકાશિત થયાં છે. અમદાવાદમાં યોજાયેલા મનુ પારેખના પ્રદર્શન પ્રસંગે અનિલ રેલિયા – આર્ચર હાઉસ – એ 'શ્રાઇન્સ ઑવ્ બનારસ' સચિત્ર પુસ્તિકા પ્રગટ કરી છે. મનુ પારેખ અને કલાકાર પત્ની માધવી પારેખને કેન્દ્રમાં રાખતી એક ફિલ્મ સૂરજ પુરોહિતે, તો બીજી બે ડોક્યુમેન્ટ્રી ક્રિશ્નેન્દુ બોઝે તથા વિક્રમ સિંઘે બનાવી છે.

બનારસ શ્રેણીનાં ચિત્રોને ધ્યાનથી આસ્વાદીશું તો સમજાશે કે એમાં ક્યાંય માણસો કે પ્રાણી-પક્ષીઓની હાજરી સ્થૂળ રૂપે જોવા મળતી નથી. આ ચિત્રોમાં પ્રકૃતિનાં પૃથ્વી, જળ અને તેજ તત્ત્વો જુદી જુદી રીતે આપણી સામે આવે છે. બનારસનું સ્થાપત્ય, નાનાં-મોટાં મંદિરો, મંદિરોમાંથી પ્રગટતો, રેલાતો પ્રકાશ, તેનાં શિખરો, ગંગા નદી, ઘાટો, વૃક્ષો, રંગરંગી આકાશ, પવનથી ઝૂમતાં વૃક્ષો, મંદિરોનાં ગર્ભગૃહો – આ બધું મનુ પારેખ ઉગ્ર ને હળવા રંગોના લસરકાઓ, રંગસંયોજનો વડે અભિવ્યક્ત કરે છે. આ ચિત્રો જોઈ કોઈ બનારસનાં મંદિરો, ઘાટો, જળપ્રવાહ આદિ સાથે સરખાવવા જશે તો મોટે ભાગે નિરાશ થશે પણ ત્યાંના સમગ્ર વાતાવરણનો સ્પર્શ જેણે માણ્યો હશે તેની સામે આ ચિત્રો ખૂલશે.

'નાઇટસ્કેપ ઑવ્ બનારસ' (માપીન, પૃ. ૨૨) અને 'બનારસ, ધ સિટી ઑવ્ લાઇટ્સ' (પૅંગ્વિન, પૃ. ૩૪) ચિત્રો સાથે રાખી અથવા અલગ અલગ પણ માણવા જેવાં છે. 'નાઇટસ્કેપ...'માં રણકતી ને સ્થળોને રણકાવતી ચાંદનીનો અનુભવ ભાવકને થાય છે. ચિત્રમાં જળની તરંગિત સપાટીનાં પ્રતિબિંબો સૂઝપૂર્વક નિરૂપાયાં છે. 'બનારસ ધ સિટી...' ચિત્રમાં શાન્ત, ભૂરાશભર્યા પ્રકાશથી છલકતી બનારસની રાત્રિનો શાતાભર્યો અનુભવ થાય છે. ચિત્રની સંરચનામાંથી પણ નીરવતા માણી શકાય છે.

બનારસનાં મંદિરો, ઘુમ્મટો, ઘાટનાં પગથિયાં, વૃક્ષો અવકાશને જે આકાર આપે છે એ પણ રસપ્રદ છે.

**(અનુસંધાન ચૌદમા પાને)**

# 'લોકશાહી'નો ડાર્વિનવાદ

સમાજ-જીવવિજ્ઞાન (socio-biology) ઘણાં આશ્ચર્યો સર્જે છે. તે પૈકીનું એક આશ્ચર્ય માનવી ઉપરાંત ઘણાં પ્રાણીઓ અને મધમાખી તથા વંદાઓમાં લોકશાહી પ્રવર્તે છે તેવું તારણ છે. અલબત્ત, તેમને માટે 'લોકશાહી' શબ્દ યોગ્ય છે કે નહીં તે વિચારણા માંગી લે છે, કારણ કે તેમના સભ્યો લોક (people) કહેવાતા નથી.

હજુ થોડા મહિના પહેલાં ભારતનાં કેટલાંક રાજ્યોમાં શ્રેણીબદ્ધ ચૂંટણીઓ સફળતાપૂર્વક યોજાઈ ગઈ. તેણે ફરીથી દુનિયાને બતાવી દીધું છે અને ખાસ કરીને આપણા રાજકર્તા-રાજકારણીઓ કે આપણે લોકશાહીને ગંભીરતાથી લઈએ છીએ અને આપણે સહમતી-આધારિત (consensus-based) નિર્ણયોમાં માનીએ છીએ. અન્ય ઘણા દેશોમાં લોકશાહી છે અને જ્યાં નથી તેઓ પણ લોકશાહી તરફ વળી રહ્યા છે.

શું લોકશાહી (democracy) માનવીની શોધ છે ? આપણા પૂર્વજો મેધાવી માનવીઓ(Homo sapiens)એ વિચારેલ અને આપણે અમલમાં મૂકેલ છે ? પ્રાણીઓના સમાજની રીતો કે જેનાં મૂળ ઉત્ક્રાંતિમાં છે તે આપણામાં ઊતરી આવી છે ? સમાજ-જીવવિજ્ઞાનનું ક્ષેત્ર આપણી સમક્ષ આશ્ચર્યો ફેંકે છે એટલું જ નહીં, આપણને કેટલાક પદાર્થપાઠ પણ શીખવે છે. જાણે કે આપણને નમ્ર થવાનું અને બીજાં ઘણાં પ્રાણીઓ અને મધમાખી અને વંદા જેવા જંતુઓની સંઘભાવના મૂલવવાનું કહે છે.

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ સાયન્સ, બૅંગાલૂરુના પ્રાધ્યાપક રાઘવેન્દ્ર ગડકર 'ઈયુ સોશિયોલૉજિસ્ટ' છે. તેઓ જંતુની સામૂહિક વર્તણૂકના અભ્યાસી છે. ખાસ કરીને મધમાખીઓ અને ભમરીઓની સામૂહિક વર્તણૂકના અભ્યાસી છે. તેમણે તાજેતરમાં કહ્યું કે મધમાખીઓ અને ભમરીઓની વસાહતોની વ્યવસ્થા ગોઠવાય છે. તેઓ તેમનાં સાધનોનો અધિકતમ ઉપયોગ કરે છે. તેમની વસાહતોમાં રાણી હોય છે, વર્કર માખી હોય છે અને નર માખી હોય છે; પરંતુ તે વસાહતમાં રાજાશાહી કે રાણીશાહી નથી. રાણી વસાહત માટે આદેશ બહાર પાડતી નથી. આપણે તેને રાણી કહીએ છીએ, ખરેખર તેનું જીવવૈજ્ઞાનિક નામ 'એન્ડ્રોપોમોર્ફિકલી' છે. તે એક જ કામ કરે છે. તે બેઠી રહે છે અને ઈંડાં મૂક્યાં કરે છે. વર્કર માખી પૈકીના મદદનીશો તેને પંપાળે છે. તેની સેવા કરે છે. રાણી પણ એક વર્કર માખી જ છે, જેનું કામ ઈંડાં મૂક્યાં કરવાનું છે. મહેલોમાં જેવાં કાવતરાં થતાં હોય છે તેવાં કાવતરા થતાં નથી; પરંતુ તેને રાણી-પદેથી ઉથલાવી શકાય છે અથવા તો ઈંડાં મૂકતી માખીને રાણી બનાવવામાં આવે છે. જ્યારે વસાહત બે ભાગમાં વહેંચાય છે ત્યારે વસાહતના જે ભાગમાં રાણી નથી હોતી ત્યાં તેઓ પોતાની રાણી નીમે છે.



અલબત્ત, 'રાણી'ની અગત્ય સરેરાશ વર્કર માખી કરતાં વધારે હોય છે; પરંતુ તે સરમુખત્યાર નથી કે જેના હુકમો વસાહતે માનવા પડે. આમ તેની જૂથપ્રવૃત્તિ છે. તેમાં જૂથનો દરેક સભ્ય આમ રાયથી પોતાનો રોલ ભજવે છે. આમ, તેમનામાં સંઘભાવના હોય છે. દરેકની પોતાની ફરજ પ્રત્યે વફાદારી હોય છે.

વંદાઓ કે જેમને રસોડામાં દેખતાં જ ચીતરી ચઢે છે તેઓ પણ સર્વમાન્ય નિયમો સાથે સમાનશીલ સમાજ રચે છે. બૅલ્જિયમમાં બ્રસેલ્સની ફ્રી યુનિવર્સિટીમાં ડિપાર્ટમેન્ટ ઑવ્ સોશિયલ ઇકોલૉજી(સામાજિક પારિસ્થિતિકી)ના ડૉ. જોસ હાલોય અને તેમના જૂથના સભ્યો દાયકાથી પણ વધારે સમયથી વંદાઓની વસાહતોનો અભ્યાસ કરી રહ્યા છે. તેઓ એવા તારણ પર આવ્યા છે કે વંદાઓ તેમના સમાજમાં લોકશાહીના સાદા સ્વરૂપનો અમલ કરે છે. દરેક જંતુનું સરખું સ્થાન હોય છે અને જૂથે જે નિર્ણયો કર્યા હોય તે વ્યક્તિગત નિર્ણયોની બાદબાકી કરી નાખે છે. તેને કોરાણે મૂકી દે છે. આવા જૂથમાં લીધેલા નિર્ણયો આખા જૂથે શું કરવું તે નિશ્ચિત કરે છે, તે પ્રમાણે તે જૂથના વંદાઓ વર્તન કરે છે અને કાર્ય કરે છે.

ઉપરના તારણ પર આવતાં પહેલાં પ્રયોગનું કેવી રીતે આયોજન કરવું તે એક પ્રશ્ન હતો. હેલોયનો પ્રયોગ સરળ અને નિર્ણાયક હતો. તેણે વંદાઓના એક જૂથને મોટી રકાબીમાં મૂક્યું. તે રકાબીમાં ત્રણ જુદાં જુદાં આશ્રયસ્થાનો હતાં.

વંદાઓએ પોતાની અંદર અંદર ઘણી 'ચર્ચાવિચારણા' કરી. તે ચર્ચાવિચારણા તેમણે તેમના ઍન્ટેના (મૂછો) દ્વારા એકબીજાને સ્પર્શ કરીને અને એકબીજાની તપાસ કરીને (probing) કરી. આવી ચર્ચાવિચારણા પછી તેઓ જૂથોમાં વહેંચાઈ ગયા અને એવાં આશ્રયસ્થાનો તરફ દોડી ગયા જેના પર પ્રકાશ પડતો ન હતો. દેખીતું જ છે કે વંદાઓને અંધકાર પસંદ પડે છે, પ્રકાશ નહીં.

વળી જે પરિણામ મળ્યું તે પણ આશ્ચર્ય ઉપજાવે તેવું હતું. દરેક આશ્રયસ્થાનમાં ૫૦ વંદા સમાઈ શકે તેમ હતા. તેથી જ્યારે પ્રયોગમાં ૫૦ વંદાઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો ત્યારે તેઓ બે જૂથમાં વહેંચાઈ ગયા : ૨૫ વંદા એક આશ્રયસ્થાનમાં ગયા, ૨૫ વંદા બીજામાં ગયા, જ્યારે ત્રીજા આશ્રયસ્થાનને ખાલી રહેવા દીધું. જ્યારે સંશોધકોએ મોટા આશ્રયસ્થાનનો ઉપયોગ કર્યો જેમાં ૫૦થી પણ વધારે વંદા સમાઈ શકે તેમ હતા ત્યારે બધા જ વંદાઓએ એક જ જૂથ બનાવ્યું અને બધા એક જ આશ્રયસ્થાનમાં ગયા.

તજ્જ્ઞ હેલોયે સમજૂતી આપી કે ઉપરના પરિણામનો અર્થ એ છે કે સાધનો માટે સહકાર અને સ્પર્ધા વચ્ચે સમતોલન સાધવામાં આવ્યું. તેનાથી તેમના માટે પ્રજનનની તકો વધી, આશ્રયસ્થાન અને ખોરાક જેવાં સાધનોની પરસ્પર વહેંચણીને પ્રોત્સાહિત કરી અને શુષ્ક પર્યાવરણમાં એકઠા થવાથી નિર્જલન અટકાવ્યું.

આ તો જંતુઓની વાત થઈ. માનવી જે વર્ગમાં આવે છે તે આંચળવાળાં પ્રાણીઓ એટલે કે મેમલ્સ તરફ નજર માંડીએ તો ત્યાં પણ લોકશાહી જોવા મળે છે. અથવા તો કહીએ કે જૂથમાં લેવાતા નિર્ણયો આખી વસાહતમાં થતા કાર્ય પર શાસન કરે છે. ઇંગ્લૅન્ડની યુનિવર્સિટી ઑવ્ સસેક્સમાં લારિસ્સા કોન્રાડ્ટે રાતા હરણની વસાહતોનો અભ્યાસ કર્યો છે. તેમણે જોયું કે તેઓ પોતાની પ્રવૃત્તિઓ અને ગતિશીલતા અન્ય સભ્યો સાથે અનુવર્તનીય કરે તો તેમને ફાયદો થાય છે; પરંતુ તેમણે આવી બાબત અંગે સંગઠિત થઈ નિર્ણય લેવો જોઈએ.

જૂથના સભ્યોના હિતમાં છે કે તેમણે બધાએ સાથે રહેવું, જેથી પ્રજનન વધારે થાય, તેમનાં સાધનોનો અધિકતમ ઉપયોગ થાય, તેમના ભક્ષકોને વધારે સારી રીતે પારખી શકે અને તારવી શકે. આમ, આ બાબતો વંદાઓથી જુદી પડતી નથી.

તાજેતરમાં અમેરિકામાં જ્યૉર્જિયામાં આવેલ 'યર્કસ પ્રિમેટ સેન્ટર ઍટ એમરી યુનિવર્સિટી'ના ડૉ. ફ્રાન્સ દ'વાલે શોધ્યું છે કે ચિમ્પાન્ઝી સમાજમાં પણ એવા જ જૂથ-નિર્ણયો અને વર્તણૂકના વધારે અને વધારે પુરાવા મળ્યા છે, તેમના પુસ્તક 'ચિમ્પાન્ઝી પોલિટિક્સ'માં તેમણે વર્ણવેલ છે. કેવી રીતે 'આલ્ફામેલ' સાથીદારો(ally)ને પોતાના તરફ ખેંચવા તેની સાથે લાંબો સમય વિતાવે છે, તેની સાથે ખોરાક વહેંચીને ખાય છે અને પોતાની બાજુ રાખે છે. આવું સહમતીનું ઘડતર કરવાવાળા વધારે સ્થિર સામાજિક માળખું રચે છે અને જૂથમાં સહમતીથી નિર્ણયો લે છે.

તજજ્ઞો કોન્રાડ્ટ અને રોપરે તેમના સંશોધનપત્ર 'Democracy in animals : the evolution of shared group decisions'માં પ્રાણીઓની જૂથવર્તણૂક માટે એક 'ગેમ થિયરી મૉડલ' આપેલ છે.

જૂથનિર્ણયમાં 'સહમતી કિંમત' ચૂકવવી પડે છે. પરંતુ સરખા હિસ્સે લીધેલા નિર્ણયોની 'સહમતી કિંમત' હિસ્સેદારી વગરના નિર્ણયો કરતાં ઓછી હોય છે. શું આ લોકશાહી રીત નથી ? આપણે જેમ જેમ જંતુઓ, માછલીઓ અને મેમલ્સનો અભ્યાસ કરીએ છીએ તેમ તેમ આપણે સહકાર અને ચર્ચા-વિચારણા ઘણી પ્રાણીઓની વસાહતો અને સમાજોમાં જોઈએ છીએ. તેમાં સભ્યો પોતાના વિશેષ અધિકાર સ્વેચ્છાએ જતા કરે છે અને કેટલોક ખર્ચ પણ ભોગવે છે જેથી સંવાદિતા વધે અને જૂથ-લોકશાહીની ક્રિયા પાંગરે.

– વિહારી છાયા

## આપણો વારસો

अमंत्रमक्षरं नास्ति नास्ति मूलमनौषधम् ।
अयोग्य: पुरुषो नास्ति योजकस्तत्र दुर्लभ: ।।

એવો કોઈ અક્ષર નથી જે મંત્ર ન હોય; એવું કોઈ મૂળ નથી જે ઔષધ ન હોય;
એવો કોઈ પુરુષ નથી જે યોગ્ય ન હોય. (એ બધાંનો) યોજક દુર્લભ છે.





# દૂરંદેશી નિર્ણયની ઘડી

કોઈ પણ દેશમાં રાષ્ટ્રપ્રમુખનું સ્થાન સર્વોચ્ચ બંધારણીય હોદ્દેદારનું હોય છે. આગામી ૨૫ જુલાઈ સુધીમાં ભારત ૧૩મા રાષ્ટ્રપ્રમુખનો નિર્ણય કરશે. આજના તબક્કે આ હોદ્દા પર કોની વરણી થશે એ અંગે ભારે અટકળો પ્રવર્તે છે. બળાબળની તુલનાનો વિચાર કરવામાં આવી રહ્યો છે. તો રાજકીય પક્ષો, જવાબદાર નેતાઓ અને અનુભવીઓ આ અંગેની બાજી ગોઠવી રહ્યા છે. અલબત્ત, આમાં વગદાર વ્યક્તિઓ કે નેતાઓ પલ્લુ ખુદના પક્ષ તરફ નમાવવા પ્રયત્નશીલ છે. આ અંગે કેટલાંક પાયાનાં કે મૂળભૂત કારણો છે. બંધારણીય રીતે ચૂંટાતા રાષ્ટ્રપ્રમુખ દેશના પ્રથમ નાગરિક છે. નિયમાનુસાર તેઓ મંત્રીમંડળની સલાહ અનુસાર વર્તવા બંધાયેલા છે. આમ છતાં વાસ્તવમાં પરિસ્થિતિઓ એવી ઉદ્ભવે છે કે જેમાં ભારોભાર અનિશ્ચિતતાઓ હોય છે. આવા સમયે રાષ્ટ્રપ્રમુખની વ્યક્તિગત હેસિયત, વિચારણા અને ન્યાયબુદ્ધિ નિર્ણાયક બની રહે છે.

આજની પરિસ્થિતિ પેચીદી છે. પક્ષીય જોડાણો અને રાજકીય અનિશ્ચિતતાઓ વચ્ચે પ્રત્યેક સમૂહ પોતાનું હિત અને 'અનુકૂળ' ઉમેદવાર શોધવાની મથામણમાં છે. આ મથામણ પાછળનો હેતુ એ જ કે સમય આવ્યે તેમનો નિર્ણય 'ઉપયોગી' પુરવાર થાય. ઑક્ટોબર, ૧૯૮૪માં ત્યારનાં વડાંપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીની હત્યા થઈ ત્યારે રાષ્ટ્રપ્રમુખ જ્ઞાની ઝૈલસિંઘ વિદેશના પ્રવાસમાં હતા. ત્યારે કોઈ પણ અભિપ્રાય જાણ્યા કર્યા વિના તેમણે એક વરિષ્ઠ પત્રકાર સમક્ષ રાજીવ ગાંધીને 'વડાપ્રધાન' નીમવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. તે પછી કૉંગ્રેસના સંસદીય બૉર્ડે 'વિચારણાપૂર્વક' આ ઇચ્છાને અનુમોદન આપ્યું હતું. આ પછીનો ભાગ ઘણો રસપ્રદ છે કે જ્ઞાની ઝૈલસિંઘ પ્રથમ રાષ્ટ્રપ્રમુખ હતા જેમને નિવૃત્તિ પછી દિલ્હીમાં સ્થાયી વસવાટ માટે કાયમી ધોરણે આવાસીય વ્યવસ્થા ફાળવવામાં આવી હતી. અલબત્ત, પ્રજાની અપેક્ષા આથી સદંતર અલગ છે. પ્રજાને રાજકીય પક્ષો સાથે સંકળાયેલા ન હોય તેવા રાષ્ટ્રપ્રમુખ અપેક્ષિત છે. અલબત્ત, ભારતના બાર પૂર્વરાષ્ટ્રપ્રમુખોમાં વાસ્તવમાં આવા બે જ રાષ્ટ્રપ્રમુખ – એક, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન અને બીજા ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ – સાંપડેલા.

જોડાણની રાજનીતિની કેટલીક લાચારીઓ, મજબૂરીઓ હોય છે. હાલની રાજકીય પરિસ્થિતિની સૌથી મોટી મજબૂરી એ છે કે પક્ષીય જોડાણો ધરાવતા એક પણ જૂથ પાસે એટલા મતો નથી કે તે પોતાના રાષ્ટ્રપ્રમુખીય ઉમેદવારને માત્ર ખુદની શક્તિથી વિજેતા બનાવી શકે. મતલબ કે એકલે હાથે આ ચૂંટણીમાં વિજયી બનવા શક્તિમાન એક પણ જોડાણસમૂહ અસ્તિત્વમાં નથી. આ વાસ્તવિક્તા આપણને તડ-જોડની, લેવડ-દેવડની,

લાભાલાભની રાજનીતિ તરફ દોરી જાય છે. સ્પષ્ટ છે કે એથી મતો અંગેનાં સમીકરણો પ્રમુખીય ચૂંટણીમાં ઘણો અગત્યનો ભાગ ભજવશે. આથી જ પ્રમુખીય ઉમેદવારોની યાદીમાં પ્રણવ મુખરજી, મીરાં કુમાર, હમીદ અન્સારી, ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ, મુલાયમસિંઘ યાદવ, એ. કે. એન્ટની, ગોપાલકૃષ્ણ ગાંધી, નારાયણ મૂર્તિ જેવાં ભારે વૈવિધ્યપૂર્ણ નામો સમાવેશ પામ્યાં છે.

અહીં બેએક રાજકીય ગણતરીઓને પણ લક્ષમાં લેવાનું ચૂકવું જોઈએ નહીં. એક, કૉંગ્રેસ પક્ષને લાગેવળગે છે ત્યાં સુધી ગાંધી પરિવારની અને વિશેષ તો શ્રીમતી સોનિયા ગાંધીની ઇચ્છા નિર્ણાયક બની રહેશે. છેલ્લી પ્રમુખીય ચૂંટણીમાં જેમ પ્રતિભા પાટિલનું નામ અણધાર્યું પ્રથમ ક્રમે આવ્યું તેવું કંઈક બને તો તેથી આશ્ચર્ય થવું જોઈએ નહીં. બીજું, એક સૌથી મોટી બાબત ગણતરીમાં લેવાય તેવી ધારણા છે. આ બાબત છે ૨૦૧૪ની સોળમી સામાન્ય ચૂંટણીઓ. ૨૦૧૪માં ભારતવ્યાપી સામાન્ય ચૂંટણી યોજાય ત્યારે જો કોઈ પણ પક્ષ સ્પષ્ટ બહુમતી ન મેળવે તો પક્ષ સાથેની રાષ્ટ્રપ્રમુખની નજીદીકતા નિર્ણાયક નીવડે. કારણ સરકાર રચવા કોને આમંત્રિત કરવા તે (જ્યારે સ્પષ્ટ બહુમતીનો અભાવ હોય ત્યારે સવિશેષપણે) રાષ્ટ્રપ્રમુખનો બંધારણીય અધિકાર છે. આમ, દૂરના ભવિષ્યકાળને લક્ષમાં લઈએ તો આ મુદ્દો પ્રમુખીય ઉમેદવારની પસંદગીમાં કેન્દ્રીય મહત્ત્વનો બની રહેશે એ વિશે ભાગ્યે જ કોઈ શંકા રહે છે.

આમ, આગામી પ્રમુખીય ચૂંટણી ઘણી દિલચસ્પ બની રહેવાની એટલું સ્પષ્ટ છે. પ્રજાની અપેક્ષાની વાત કરીએ તો સ્પષ્ટ છે કે લોકો 'પરિપક્વ અને પ્રબુદ્ધ' રાષ્ટ્રપ્રમુખ ઇચ્છે છે જે ઈમાનદાર શાસન પૂરું પાડે, પ્રજા અને શાસકોને સાથે લઈને ચાલી શકે. કોઈ એક કે થોડા વર્ગોને સ્થાને પ્રજાકીય હિતોને સર્વોચ્ચ પ્રાથમિકતાથી આગળ વધારે. પ્રજાકીય અને શાસકીય દૂરંદેશિતા જ એક માત્ર નિર્ણાયક પરિબળ બની રહે એવી સૌની વ્યાપક અપેક્ષા અહીં પ્રસ્તુત છે. આ દૂરંદેશીભર્યા નિર્ણયની ઘડી છે અને એ તક એળે નહીં જવા દેવામાં આવે એવી લાગણી છે.

– રક્ષા મ. વ્યાસ

## વાચકમિત્રોને

છેલ્લાં બાર વર્ષથી 'વિશ્વવિહાર' આપને મળે છે. આપને તે રુચ્યું હોય અને ઉપયોગી લાગ્યું હોય તો તેનું વાર્ષિક લવાજમ રૂ. ૫૦નું મ. ઓ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૩ – એ સરનામે મોકલશો. બે, ત્રણ, ચાર કે પાંચ વર્ષનું લવાજમ પણ એકસાથે ભરી શકાશે. ડ્રાફ્ટ **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામનો મોકલવો. ❐





# તમારી ખોટ પડવાની જ !

સામાન્ય રીતે શ્રદ્ધાંજલિના અંતે એમ કહેવામાં આવે છે કે 'એમના જવાથી પડેલી ખોટ કદી પુરાશે નહીં.'


ગુજરાતી વિશ્વકોશ ગ્રંથ-૧૧નું વિમોચન કરતા શ્રી ભોળાભાઈ પટેલ

ઉત્તમ શિક્ષક, સંવેદનશીલ સર્જક અને મૂઠી ઊંચેરા માનવી શ્રી ભોળાભાઈ પટેલની ખોટ કદાચ ભવિષ્યમાં કોઈ સમર્થ માનવી પૂરી શકે, પરંતુ વર્તમાનમાં કેટલાંક ક્ષેત્રોમાં એમની ખોટ પૂરી શકાય તેમ નથી. ભોળાભાઈનું વ્યક્તિત્વ જ એવું કે સામી વ્યક્તિ એમના અવાજની મીઠાશથી કે ચહેરા પરના હાસ્યથી અભિભૂત થઈ જાય. એક સમયે રાષ્ટ્રીય ફલક પર સહુ કોઈ શ્રી ઉમાશંકર જોશીથી પરિચિત હતા. છેલ્લાં કેટલાંક વર્ષોમાં કેન્દ્રીય સાહિત્ય અકાદમીની સભાઓમાં મેં જોયું કે અન્ય ભાષાના દિગ્ગજ સાક્ષરો ભોળાભાઈને પ્રેમથી મળતા હતા અને એમની સાથે વાર્તાલાપ કરવા આતુર રહેતા હતા. કોઈ કાર્યક્રમમાં ભારતીય ભાષાના સાક્ષરને ગુજરાતમાં નિમંત્રણ આપવાનું મન થાય એટલે તરત ભોળાભાઈ પાસે દોડી જઈએ અને એ આપણા વતી નિમંત્રણ તો આપે જ, પણ જ્યારે જ્યારે એ સાક્ષરો ગુજરાતમાં આવે, ત્યારે એમની સાથે નિરાંતે હળવી ગોષ્ઠિ પણ કરતા હોય. ક્યારેક અન્ય ભાષાના સાહિત્યકારોને મળીએ ત્યારે વાતચીતના પ્રારંભે જ એ ભોળાભાઈના ખબરઅંતર પૂછતા હોય. આવી પ્રતિભા આજે કેટલી ?

જુદી જુદી ભાષાઓમાં એમના જેવી ગતિ કરનારી કેટલી વ્યક્તિઓ ગુજરાતમાં આપણી પાસે છે ? ગુજરાતી, હિંદી, સંસ્કૃત અને અંગ્રેજી પર પ્રભુત્વ તો ખરું જ, પણ એથીય વિશેષ ઊડિયા, અસમિયા અને બંગાળી સાહિત્ય પર એમનો પ્રેમ અને એને પરિણામે ગુજરાતી ભાષાને અનુવાદ રૂપે મળેલી ઉત્તમ કૃતિઓ એ એમનું પ્રદાન કેટલું મોટું છે !

એમની પાસે સ્મરણોનો ખજાનો હતો. એમાંય શ્રી ઉમાશંકર જોશી, શ્રી હરિવલ્લભ ભાયાણી અને અને શ્રી નગીનદાસ પારેખનાં સ્મરણો કહેતા ત્યારે ભોળાભાઈના ચહેરા પર એક જુદી જ ચમક છલકાઈ ઊઠતી. એ સ્મરણોમાં એમના પ્રત્યેના અહોભાવને

બદલે એમની સાથેની અંગતતાનો સ્પર્શ અનુભવાતો. એમાંય પ્રવાસમાં તો ભોળાભાઈ એવા ખીલે કે હંમેશાં એમની બાજુની બેઠકમાં બેસવાનું આકર્ષણ રહેતું અને પછી એમનો સ્મરણફુવારો ફૂટતો હતો.

વિદ્યાર્થીવત્સલ તરીકે ભોળાભાઈએ હંમેશાં પોતાના વિદ્યાર્થીઓની ચિંતા કરી છે એટલું જ નહીં, પણ જો વિદ્યાર્થી બીમાર હોય તો તેને સ્વયં ઘેર મળવા જતા. એમની પ્રગતિમાં ઊંડો રસ લેતા અને એ વિદ્યાર્થીઓ એમના પરિવારના સ્વજનો બની જતા. ભાષા-સાહિત્યભવનમાં શિક્ષક તરીકે પણ ભોળાભાઈની આગવી છાપ હતી. સવારે અગિયાર વાગ્યે આવે અને સાંજે પાંચ-સાડા પાંચ પછી બીજા અધ્યાપકો સાથે ભોળાભાઈ નીકળતા હોય. એમનો આ વિદ્યાવ્યાસંગ એ જ એમના જીવનનું કેન્દ્ર બન્યો અને એને પરિણામે ભોળાભાઈ જ્યારે વક્તવ્ય આપતા હોય, ત્યારે એમાં જુદી જુદી ભાષાના કવિઓની પંક્તિઓ આવે, નવા વિચારો આવે અને પરિણામે સમગ્ર કાર્યક્રમનું સ્તર બદલાઈ જતું. વળી કાર્યક્રમમાં પણ ક્યારેય પોતાની જાતને આગળ કરવાની વૃત્તિ નહીં, બલ્કે સહુ સાથેના સહકારથી કામ કરવાનું હંમેશાં પસંદ કરતા.

ગુજરાત સાહિત્ય અકાદમીના પાંચ વર્ષના કાર્યકાળ દરમિયાન ભોળાભાઈ પ્રમુખ હતા અને હું ઉપપ્રમુખ હતો, તે સમયે અકાદમીએ અનેક આયોજનો કર્યાં. જેની પાછળ હંમેશાં ભોળાભાઈની દૃષ્ટિ રહેલી હોય અને એ પછી સરકારી તંત્રમાં એ આયોજન અવરોધ પામતું હોય, તો જરા ઊંચા સ્વરે ભોળાભાઈ કહેતા અને કાર્ય સિદ્ધ કરીને જ રહેતા.

સાહિત્ય અકાદમી હોય, સાહિત્ય પરિષદ હોય, ગુજરાત સાહિત્ય સભા કે ગુજરાત વિદ્યાસભા હોય – બધી સંસ્થાઓમાં ભોળાભાઈ ઉપસ્થિત રહીને યોગ્ય માર્ગદર્શન આપતા. ગુજરાતી વિશ્વકોશના કાર્યને પહેલી પીઠ થાબડનાર સાહિત્યકાર ભોળાભાઈ હતા અને મને યાદ છે કે એ સંસ્થાના લલિતકલાકેન્દ્રનો મંગલ પ્રારંભનો કાર્યક્રમ યોજ્યો હતો. કાર્યક્રમના અડધા કલાક પહેલાં જાણ થઈ કે પ્રમુખસ્થાને આવનારી વ્યક્તિ અકસ્માત થતાં આવી શકે તેમ નથી. ભોળાભાઈને વિનંતી કરી. 'નિમંત્રણ પત્રમાં મારું નામ નથી' એવું એક વાક્ય બોલ્યા નહીં, એટલું જ નહીં, પણ એવો વિચાર પણ એમના મનમાં ફરક્યો નહીં. બલ્કે, એમણે હસતાં હસતાં કહ્યું કે 'એક પટેલના હાથે લલિતકલાકેન્દ્રનું ઉદ્‌ઘાટન થાય છે એ પણ એક ઘટના છે.'

આવી ઉત્તમ સિદ્ધિઓ અને સાહિત્યિક સમૃદ્ધિ આપ્યા પછી વ્યક્તિ આટલી ઉષ્માપૂર્ણ બની રહે તેની ખોટ તો લાગવાની જ. ભાષાઓના સંગમતીર્થ જેવા ભોળાભાઈની જેમ કવિ કાલિદાસ, કવિવર રવીન્દ્રનાથ ટાગોર, અજ્ઞેયજી અને કવિ જીવાનાનંદદાસની વાત કરનાર બીજું કોઈ મળશે ખરું ? એમનો સંસ્કૃતપ્રેમ, એમની ભ્રમણવૃત્તિ અને એમનો કવિતાપ્રેમ આ બધાનો સમન્વય એમના નિબંધોમાં મળ્યો. કાકાસાહેબ કાલેલકર પછી એમના નિબંધોએ નવી સૃષ્ટિનું સર્જન કર્યું.



પોતાના ગામ સોજામાં અનુભવેલો પ્રકૃતિનો અભાવ કવિવર રવીન્દ્રનાથની ગીતપંક્તિ, 'આમિ ચંચલ આછિ, આમિ સુદૂરેર પિયાસી' દ્વારા પ્રકૃતિનાં અનંત રૂપોની છબી વિસ્મયબોધ સાથે રંગાઈને નિબંધોનાં ભાવચિત્રોમાં મળે છે.

ભોળાભાઈને કંબોડિયા, જાવા, સુમાત્રા અને ચીન જોવાની ઇચ્છા હતી. એમની એ ઇચ્છા અપૂર્ણ રહી, પરંતુ 'બાસાછાડા' પક્ષીની જેમ બહાર જવા માટે સતત તડપતા ભોળાભાઈના મનમાં કવિવર રવીન્દ્રનાથની આ પંક્તિ વારંવાર પડઘાતી હતી : 'હેથા નય, અન્ય કોથા, અન્ય કોથા, અન્ય કોન ખાને.'

(અહીં નહીં, બીજે ક્યાંક, બીજે ક્યાંક, બીજે કોઈ ઠેકાણે.)

આજે આપણી વચ્ચેથી 'બીજે કોક ઠેકાણે' વિદાય પામેલા ભોળાભાઈ, તમારી ખોટ અમને તો પડવાની જ !

– કુમારપાળ દેસાઈ

(છઠ્ઠા પાનાનું ચાલુ)

'ઇવનિંગ ઍટ બનારસ'(માપીન, પૃ. ૬૪)માં સાંજે પથરાયેલો સોનેરી પીળો, મટોડિયો પીળો તડકો, ઘાટના પથ્થરો, પગથિયાં, મંદિરો પર જાણે લેખાઈ ગયો છે. એ સાન્ધ્યપળોમાં મંદિરોના ગર્ભાગારમાંથી રેલાતો પ્રકાશ, ગંગાનાં શ્યામ થતાં જતાં જળ, ઘાટની સાથે અથડાતાં જળનું તેજ, આકાશનો ક્યાંક સોનેરી પીળો, ક્યાંક નારંગી, ક્યાંક લીંબુ પીળો ને ઘેરો થતો બદામી, આરતી પછીના સમયની એકલતાને વાચા આપે છે. કલાકાર આપણી નજરને ઉપર-નીચે આજુબાજુ જોઈ સમગ્રતાથી ચિત્ર પામવાનું ઇજન આપે છે.

– જયદેવ શુક્લ

## ચિત્રકાર શ્રી કનુ દેસાઈના 'ગીતગોવિંદ' આલબમ અંગે

ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી જયભિખ્ખુએ 'પ્રેમભક્ત કવિ જયદેવ' નામની નવલકથા લખી હતી અને એની સાથોસાથ શ્રી કનુ દેસાઈના સહયોગથી ફિલ્મ-નિર્માણનું પણ કર્યું હતું. એ સમયે 'ગીતગોવિંદ'ને નામે શ્રી કનુ દેસાઈનાં કવિ જયદેવ અને ગોતગોવિંદને લગતાં ચિત્રોનો સંપુટ લેખક શ્રી જયભિખ્ખુની પ્રાસ્તાવિક નોંધ સાથે પ્રગટ થયો હતો. આ સંપુટ અને આ નોંધની આ સંસ્થા તરફથી તાજેતરમાં પ્રકાશિત થનારા શ્રી ધનવંત શાહના નાટક 'કૃષ્ણભક્ત કવિ જયદેવ' માટે જરૂર છે. તો જેઓની પાસે તે હોય એમણે શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, બી-૧૦૧, સમય ઍપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫. ફોન નં. ૨૬૭૫૨૦૮૨નો સંપર્ક કરીને આ કાર્યમાં સહયોગી થવા માટે વિનંતી છે.

## આવું કામ મારાથી ન થાય

અમેરિકાના માનવતાવાદી પ્રમુખ અબ્રાહમ લિંકને કાયદાનાં પાઠ્યપુસ્તકો ઉછીનાં લઈને અભ્યાસ શરૂ કર્યો અને એમાં સફળતા મેળવી.

૧૮૩૬માં કાયદાના ક્ષેત્રમાં કામ કરવાનો પરવાનો મેળવીને સફળ કાયદાશાસ્ત્રી તરીકેની કારકિર્દીનો પ્રારંભ કર્યો.

૧૮૩૯માં સ્પ્રિંગફિલ્ડ ઇલિનૉઇસ નગરનું પાટનગર બનતાં તેમને માટે વકીલાતની ઘણી ઊજળી તકો ઊભી થઈ. કાયદા અંગેની સૂઝ-સમજ અને દૃષ્ટિનો વિકાસ થયો.

વકીલ તરીકે અબ્રાહમ લિંકનને જો કેસની સત્યતાની ખાતરી થતી તો તેમાં એમની પ્રતિભા ઝળકી ઊઠતી હતી. કેસ ગમે તેટલો અટપટો કે આંટીઘૂંટીવાળો હોય, તોપણ એવી કુશળતાથી રજૂઆત કરતા અને એના સમર્થનમાં એવી સચોટ દલીલો કરતા કે માત્ર વકીલો જ નહીં, બલકે ન્યાયાધીશ પણ આશ્ચર્યચકિત થઈ જતા.

જો કેસની સત્યતા વિશે એમને શંકા જાય, તો સ્થિતિ સાવ વિપરીત બની જતી. એમની કુશાગ્ર બુદ્ધિ કુંઠિત થઈ જતી. ખોટા કેસની રજૂઆત કરી શકતા નહીં અને એમનો ઉત્સાહ ભાંગી જતો.

એક વાર એમની પાસે એક વ્યક્તિ આવી અને એણે કહ્યું કે આપણે અમુક વ્યક્તિ પર છસ્સો ડૉલરનો દાવો માંડવો છે.

લિંકને જોયું કે જેના પર દાવો માંડવાનો હતો, તે પ્રામાણિક કુટુંબ હતું. આથી એમણે અસીલની વાત શાંતિથી સાંભળ્યા પછી કહ્યું, ''તમારા તરફથી દલીલો કરીને હું કેસ જરૂર જીતી શકું; પરંતુ મને એમ લાગે છે કે આપણી જીત એ એક પ્રામાણિક કુટુંબ પર આપત્તિ લાવનારી બનશે, આથી આવી જીતમાં હું ભાગીદાર બનવાનું પસંદ કરતો નથી.''

અસીલને આશ્ચર્ય થયું. પોતે ફી આપવા તૈયાર છે, તેમ છતાં શા માટે લિંકન કેસ લડવાનો ઇનકાર કરે છે ?

લિંકને કહ્યું, ''આવું કામ મારાથી ન થાય. હું તમારો કેસ લડી શકું નહીં, ત્યાં ફીનો ક્યાં સવાલ છે ? હું તો તમને સલાહ આપું છું કે તમે ગરીબ પ્રામાણિક કુટુંબને દુઃખમાં ઉતારવા કરતાં છસ્સો ડૉલર મેળવવાનો બીજો વધારે પ્રામાણિક ઉપાય શોધી કાઢો.''

વકીલ લિંકને ફી જતી કરી, પણ કેસ લીધો નહીં.





## જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણીના ઉપક્રમે જૂન મહિનામાં બે વ્યાખ્યાનો સાંજે પાંચ વાગ્યે શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજવામાં આવ્યાં છે :

**૨૦ જૂન ૨૦૧૨, બુધવાર** : વિષય : રવીન્દ્રનાથ ટાગોરનાં નાટકો
વક્તા : શ્રી સતીશ વ્યાસ

**૨૭ જૂન ૨૦૧૨, બુધવાર** : વિષય : મારી કલાયાત્રા
વક્તા : શ્રી બાલકૃષ્ણ દોશી

## શ્રી પન્નાલાલ પટેલનાં નાટકોના અંશોની ભજવણી

શ્રી પન્નાલાલ પટેલ જન્મશતાબ્દી ઉજવણી અંતર્ગત શ્રી પન્નાલાલ પટેલનાં નાટકના અંશો તથા સર્જક પન્નાલાલનાં જીવનવૃત્તાંતના અંશોની ભજવણી રાજ કમ્યૂનિકેશન અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે વિશ્વકોશ ભવનના શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે દિગ્દર્શક શ્રી રાજુ શુકલ દ્વારા (૧) અજવાળી રાત અમાસની (ડાર્ક ઑફ ધ મૂન), (૨) મળેલા જીવ, (૩) કંકણ-ફકીરો, (૪) પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા (નવલકથા), (૫) અલ્લડ છોકરી (નવલકથા), (૬) સ્વપ્ન (નાટક), (૭) એળે નહીં તો બેળે (નાટક)ના અંશોની ભજવણી તથા દૃષ્ટિ પટેલલિખિત પન્નાલાલ પટેલના જીવનવૃત્તાંતના અંશો રજૂ કરવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી પ્રસ્તુત થયેલા આ નાટ્યાંશોની ભજવણી સમયે શ્રી પન્નાલાલ પટેલના સ્વજનો તેમજ એમના ચાહકોનો વિશાળ સમુદાય ઉપસ્થિત રહ્યો હતો.

### ગ્રંથોત્સવ સમયે વળતરની યોજના

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા ૧૬મી જૂનની સાંજે ૫-૩૦ વાગ્યે યોજાયેલા ગ્રંથોત્સવ પ્રસંગે ગુજરાતી વિશ્વકોશ ગ્રંથ-૬ના ખંડ-૧ અને ૨ (નવસંસ્કરણ), ગુજરાતી બાળવિશ્વકોશ ખંડ-૨ અને ૩ તેમજ જુદી જુદી પ્રકાશનશ્રેણીનાં કેટલાંક પુસ્તકોનો વિમોચન-સમારોહ યોજાયો છે.

ગ્રંથોત્સવના આ પ્રસંગે **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં તમામ પ્રકાશનો ૨૫ % વળતરથી** આપવામાં આવશે અને આ યોજના ૩૦ જૂન, ૨૦૧૨ સુધી ચાલુ રહેશે તેની નોંધ લેવા સાહિત્યરસિકોને વિનંતી છે.